# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી–૩૯૬ ૪૫૦.

NAVSARI AGRICULTURAL UNIVERSITY


## પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીનાં તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, અગાઉ આપની કચેરી તરફથી રજુ કરવામાં આવતા પગારબીલો મોડામાં મોડા અત્રેની કચેરીમાં તા. ૨૦ થી ૨૫ તારીખ સુધીમાં પહોંચતા કરવા જણાવવામાં આવેલ તેમ છતાં અનુભવે જણાયેલ છે કે, ઘણીખરી કચેરીઓ તરફથી તેમની કચેરીનાં પગારબીલો ચુકવણા અર્થે છેક છેલ્લી ઘડીએ મોકલવામાં આવે છે જેને લીધે પગારબીલોની વ્યવસ્થિત ચકાસણી થઈ શકતી નથી જેને લીધે અત્રેની કચેરીએથી પગારબીલો પાર્સીંગ કરી ચુંકવણાં કરવામાં ખુબ જ તકલીફ ઉભી થાય છે જે હિસાબી દ્રષ્ટિએ બરાબર નથી. પગારબીલો મોડા મોકલવાનાં કારણે સંબધિત કચેરીઓને સરકારી ભરણાંના ચેકો તેમજ કપાતનાં ચેકો સમયસર મોકલી શકાતા નથી જે હિસાબી દ્રષ્ટિએ યોગ્ય નથી. જેથી હવેથી તા. ૨૦ થી ૨૫ તારીખ સુધીમાં અત્રેની કચેરીમાં પગારબીલો મોકલી આપવા જણાવવામાં આવે છે અન્યથા ઉપરોકત સમયમર્યાદા બાદ આવેલ પગારબીલોનું ચુકવણું સમયસર ન થાય તેમજ કપાતો અંગે જે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપુર્ણ જવાબદારી જે તે કચેરીને રહેશે જેની નોંધ લેવી.

વધુમાં ઉપરોકત સમયમર્યાદા બાદ આવેલ પગારબીલો મોડા મોકલવા અંગેનાં વ્યાજબી કારણો જણાવી હિસાબ નિયામકશ્રીની સહી કરાવીને પછી જ બીલો ટ્રેઝરી કચેરીમાં રજુ કરવાનાં રહેશે જેની નોંધ લેવા વિનંતી છે.

ઉપરોકત પરિપત્ર હિસાબી કામકાજનાં હીતમાં હિસાબ નિયામકશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવે છે.

નકૃયુ/વવહિઅધિ/બી.૨/પગારબીલ/૨૯૩૫-૫૫/૨૦૧૭,
નવસારી.તારીખઃ–૧૮.૧૨.૨૦૧૭.

વહીવટી વ હિસાબી અધિકારી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.

નકલ સવિનય રવાનાઃ
તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારુ.